

નં.અજાક/મ-૪/જા.પ્ર.જનરલ-૭/૨૦૨૨/૪૭૫૮-૪૮૦૨
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં.૦૭૯ ૨૩૨ ૫૪૧૭૯,
તા.૧૯/૦૫/ ૨૦૨૨.

પ્રતિ,

(૧) કલેકટરશ્રી,............ , જિ. ........... (તમામ),
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,............ , જિ. ........... (તમામ),
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ............ , જિ.અમરેલી (તમામ),
(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ............ , જિ. ........... (તમામ),

**વિષય : "હરીજન" / "ચમાર" / "ભંગી" શબ્દના સ્થાને તેના પર્યાય શબ્દનો ઉપયોગ કરવા બાબત.**

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના તા.૨૫/૦૩/૨૦૨૨ ના પત્ર ક્રમાંક – પરચ / ૧૫૨૦૨૨ / ૨૭૪૩૧ / હ ની સાથે રજૂઆત કર્તા શ્રી બળવંતભાઇ ભેરાજી ગોહિલ, રહે. ખારાખોડા, પો.ખોડા, તા.થરાદ, જિ.બનાસકાંઠાની તા.૧૨/૦૨/૨૦૨૨ની અરજીની નકલ આ સાથે સામેલ છે.

(૧) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૨/૧૨/૧૯૯૯ના પરિપત્ર ક્રમાંક – એસસીડબલ્યુ / ૧૦૯૦ / ૧૪૬૯ / હ થી અનુસૂચિત જાતિના લોકો માટે "હરીજન" તથા અનુસૂચિત જનજાતિના લોકો માટે "ગિરિજન" જેવા શબ્દોનો ઉપયોગ નહી કરવા બાબતની સૂચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે)

(૨) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૮/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક- અજસ / ૧૦૯૩ / મુ.મ.૬૦ /હ થી અનુસૂચિત જાતિના સંબંધિત ઇસમોના શાળા છોડયાના પ્રમાણપત્ર અગર તો રેવન્યુ રેકર્ડમાં જાતિના કોલમમાં "ભંગી" શબ્દ પ્રયોજાયેલ હોય તો પણ સંબંધિત ઇસમોની માંગણી મુજબ અનુસૂચિત જાતિ "વાલ્મિકી" અગરતો અનુસૂચિત જાતિ "રૂખી" એ પ્રમાણે જાતિ પ્રમાણપત્રો આપવા બાબતે ઠરાવવામાં આવેલ છે.

પરિપત્ર કરીએ
19/05/22

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૯૦૯
શાખાનું નામ: ગ્રાન્ટ-૨
૨૦/૫/૨૨

૨૫૦

(૩) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૧૦/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક- અંહલ /'૧૨૨૦૧૬ / જ૫૦૯૫૬ /હ થી "ચમાર" શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ "રોહિત"શબ્દ પ્રયોજવા બાબતની સૂચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે). તો સદરહુ બાબતે નિયમોનુસારની ઘટતી કાર્યવાહી સત્વરે કરવા આપની કક્ષાએથી આપના નિયંત્રણ હેઠળના સંબંધિત તમામ સક્ષમ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ ત્વરીત આપવા વિનંતી છે.

(બી.પી.ચૌહાણ)
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ :-**
શ્રી બળવંતભાઇ ભેરાજી ગોહિલ
મુ- ખારાખોડા, પો. ખોડા, તા.થરાદ, જિ.બનાસકાંઠા.
૨/- આપની તા.૧૨/૦૨/૨૦૨૨ ની રજૂઆત અન્વયે જાણ સારૂ.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :-**
(૧) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, (તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) (તમામ)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:-**
સેક્શન અધિકારીશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, હ -શાખા,
સચિવાલય, ગાંધીનગર.
૨/- વિભાગના તા.૨૫/૦૩/૨૦૨૨ ના પત્ર અન્વયે જાણ સારૂ.

પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી
બહુમાળી ભવન, "A" બ્લોક,
પ્રથમ માળે, રૂમ નં.૧૦૭-૧૧૧
અમરેલી-૩૬૫૬૦૧
તા.૧૯/૦૫/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ. અમરેલી

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી.

D:\2022\5-2022\1Ambedkar General.docx